ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૧૨-૨૦૧૩, મંગળવાર

તંત્રી સ્થાનેથી.....

કોંગ્રેસ માટે કાળું ડિબાંગ ભવિષ્ય રાહ જોઈ રહ્યું છે : પગ નીચેથી સરકી રહેલી સત્તાની ચાદર

ચાર રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં પૂરેપૂરો ધબડકો થયા પછી કોંગ્રેસ હવે લાફા મારીને પણ ગાલ રાતા રાખી શકે એમ નથી. આવા કરુણ રકાસની એણે સ્વપ્ને પણ કલ્પના નહીં જ કરી હોય. દિલ્હીનાં લોકપ્રિય મુખ્યમંત્રી શીલા દીક્ષિત પોતે હારી જશે અને પાર્ટી માંડ આઠના આંકડે સંકોચાઈ જશે, એવું તો એમની સામે ધુંવાધાર પ્રચાર કરનારા નરેન્દ્ર મોદી કે કેજરીવાલે પણ નહીં જ કલ્પ્યું હોય. પરંતુ કોંગ્રેસનો દિલ્હી, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં પૂરેપૂરો સફાયો થઈ ગયો છે અને છત્તીસગઢમાં એ ટકી શકી એની પાછળ જીરમ ઘાટીમાં થયેલી નકસલવાદી હુમલાને પગેલ ઊભું થયેલું સહાનુભૂતિનું વેવ જવાબદાર છે, એટલું પણ નહીં સમજે તો ૨૦૧૪માં કોંગ્રેસ ક્યાંય શોધી નહીં જડે. ભાજપનો ઘોડો હાલ તો અશ્વમેધના ઘોડાની જેમ હણહણતો આગળને આગળ ધપી રહ્યો છે. કેજરીવાલની આમ આદમી પાર્ટીએ એને દિલ્હીમાં રોકવા પ્રયાસ કર્યો પણ તે પૂરેપૂરો રોકી શકાયો નથી. દિલ્હીમાં એના જ નેતૃત્વ હેઠળ સરકાર બની રહી છે. આ સંજોગોમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના જ નામ પર મદાર રાખીને બેઠેલા કોંગ્રેસના વામણા નેતાઓ બહુ બહુ તો પ્રિયંકા ગાંધીને મેદાનમાં ઉતારે. એમની પાસે ગાંધી-પરિવાર બહાર તો કોઈ રાષ્ટ્રીય નેતા બચ્યો છે જ ક્યાં? મનમોહનસિંહ પ્રજાની નાડ પારખવામાં સંપૂર્ણપણે નિષ્ફળ નીવડ્યા છે અને વિપક્ષી આગેવાનોની બોલતી બંધ કરી શકે એવા નીવડેલા બંગાળીબાબુ- પ્રણવ મુખર્જી રાષ્ટ્રપતિભવનમાં જઈને બેસી ગયા છે. મોંઘવારી જેવા સૌને સ્પર્શતા મુદ્દાને નજર અંદાજ કરીને કોંગ્રેસ એનાં અગણિત આર્થિક કૌભાંડો સાથે ચૂંટણીમાં ઊતરે તો એનો કેવો રકાસ થઈ શકે, તે આ ચાર રાજ્યોની ચૂંટણીએ બતાવી દીધું છે. અશોક ગહલોત જેવા સ્વચ્છ ઈમેજ ધરાવતા મુખ્યમંત્રી અનેક વિકાસ યોજનાઓ અને પ્રજાલક્ષી કાર્યક્રમો છતાં રાજસ્થાનની આંધીમાં ખોવાઈ ગયા છે. સામે ભાજપે ટકોરાબંધ ચુનંદા ઉમેદવારો ઉપરાંત મુખ્યમંત્રીપદના દાવેદારો પણ એવા જ કાર્યદક્ષ અને લોકપ્રિય હોય તેનો ખ્યાલ રાખ્યો હતો. દિલ્હીમાં ડૉ. હર્ષવર્ધનને બદલે વિજય ગોયેલને ઉતાર્યા હોત તો કદાચ એનો વિજયરથ 'આપ'મની આડશને પાર કરી શકયો હોત કે કેમ એ પ્રશ્ન છે. એની સામે કોંગ્રેસનો અભિગમ કેવળ હાઈકમાંડ કેન્દ્રી રહ્યો. એમણે દિલ્હીમાં તો શીલાને છૂટો દોર આપ્યો પરંતુ એ ન વિચાર્યું કે સળંગ પંદર-પંદર વરસ લગી શીલાનો ચહેરો જોઈને દિલ્હીની પ્રજા ખાસ્સી કંટાળી ગઈ હતી. દિલ્હીમાં એક તરફ મહિલાઓની અસલામતીનો મુદ્દો ચગ્યો હતો તો બીજી તરફ જનલોકપાલ બિલ નિમિત્તે ભ્રષ્ટાચાર સામેનું અણ્ણા હજારેનું અને કાળાંનાણાં સંદર્ભે બાબા રામદેવનું આંદોલન જામ્યું હતું. એ બધાની ઉપરવટ જતો મુદ્દો મોંઘવારીનો હતો. ચિદંબરમ અને મનમોહનસિંહ આશ્વાસનો આપતા રહ્યા, કશો જ ઉકેલ ન મળ્યો. સરહદ પર સૈનિકો વધેરાતા રહ્યા પણ સરકાર કોઈ કાર્યવાહી ન કરી શકી. આ તમામ મુદ્દાઓનું સંકલન કરી ઝુઝારુ લડવૈયા નરેન્દ્ર મોદીએ એમની ધુંવાંધાર જાહેર સભાઓ દ્વારા કોંગ્રેસની હવા કાઢી નાખવામાં કોઈ જ કસર ન છોડી. 'મેડમ' અને 'શાહજાદા' પણ પ્રજા માનસમાં ખલનાયકનાં પાત્રો બની ગયાં. આ બધાની ફલશ્રુતિ તે આ સેમીફાઈનલમાં ભાજપનો ઝળહળતો વિજય અને કોંગ્રેસની કારમી હાર. સોનિયા અને રાહુલે જાતે પ્રજા સમક્ષ આવી આ ચુકાદો માથે ચડાવ્યો છે તે એમની શાલીનતા છે. પરંતુ ફકત શાલીનતા દર્શાવવાથી પ્રજા એમના પર ઓળઘોળ થઈ જવાની નથી. રાહુલ સંગઠનને મજબૂત કરી યુવાનોને જોતરવાની વાત કરે છે. એમણે આમ આદમી પાર્ટી પાસેથી 'શીખવા'ની તૈયારી પણ રાખી છે. પરંતુ સત્તાના નશામાં સાવ જ શિથિલ થઈ ગયેલી કોંગ્રેસની ફોજ શું ખરેખર મોદીની સામે ઝીંક ઝીલી શકવાની સ્થિતિમાં છે ખરી? સોનિયા ગાંધીએ યોગ્ય સમયે વડાપ્રધાનપદના ઉમેદવારના નામની જાહેરાત કરવાનું પણ કહ્યું છે. સૌ જાણે છે કે એ નામ રાહુલ ગાંધીનું જ હોવાનું છે. રાહુલ ગાંધી પ્રત્યે પ્રજાએ એનો મત દર્શાવી દીધો છે. ત્યારે એ નામ મોદીની આંધી સામે કેટલું કારગત નીવડી શકશે? રાહુલના વિકલ્પે પ્રિયંકાનું નામ મૂકવાથી પણ શો ફેર પડશે? પ્રજા હવે પરિવારવાદના મુદ્દે ઉબાઈ ગઈ છે એટલું સોનિયા ગાંધીએ પણ સમજવાની જરૂર છે. દીવો લઈને શોધવા નીકળે તો પણ એમની પાસે દેશભરમાં સર્વસ્વીકૃત બની શકે એવી કોઈ પ્રતિભા નથી દેખાતી. કાશ્મીરના પૂર્વ મહારાજા ડૉ. કર્ણસિંહ કે વર્તમાન લોકસભાનાં અધ્યક્ષ મીરાકુમારનાં નામો એમને જરૂર મદદરૂપ નીવડી શકે. પરંતુ પરિવાર બહાર નજર માંડવા જેટલું ઔદાર્ય એ દાખવી શકશે ખરાં?



(તસવીર : કશ્યપ નિમાવત)

ખેલમહાકુંભ અંતર્ગત ટેબલટેનીસ સ્પર્ધામાં કમલેશ શાહ ફાઈનલ વિજેતા થયા હતા. ઉલ્લેખનીય છે કે છેલ્લા ૩ વર્ષથી સતત કમલેશ શાહે પ્રથમકમાંક જાળવી રાખ્યો છે. તે આપણા નગર માટે પ્રશંસનીય બાબત છે.

કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી પરીક્ષાની ફીમાં વધારો કરાયો

ગાંધીનગર, તા. ૯

કમ્પ્યુટર કૌશલ્યની સીસીસી+ની પરીક્ષા ફીમાં વધારો કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

સરકારી કચેરીઓનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યા બાદ રાજ્ય સરકારના કર્મચારીઓને કોમ્પ્યુટરની તાલીમ આપીને સીસીસી+ પરીક્ષા ફરજીયાત બનાવવામાં આવેલી છે. જે કર્મચારી અધિકારીઓએ આ પરીક્ષા જો પાસ કરી ન હોઈ તો તેમને બઢતી સહીતના અમુક લાભો આપવામાં આવતા નથી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કમ્પ્યુટર કૌશલ્યની તાલીમ અને પરીક્ષાના આયોજન અંગેની કાર્યપદ્ધતિ નક્કી કરવામાં આવેલ જેમાં નિયમ-૭ હેઠળ સીસીસી, સીસીસી+ની પરીક્ષા ફી રૂ. ૧૫૦ નક્કી કરવામાં આવી હતી. ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ અને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા કમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષાઓની ફી રૂ. ૧૫૦ ને બદલે રૂ. ૨૦૦ કરવા માટે સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી.

આ સંસ્થાઓની રજુઆતોને પગલે રાજ્ય સરકારે કમ્પ્યુટર કૌશલ્યની સીસીસી અને સીસીસી+ ની પરીક્ષા ફીમાં રૂ. ૧૫૦થી વધારીને રૂ. ૨૦૦ રાખવાનો નિર્ણય કર્યો છે. આથી હવે દરેક તાલીમાર્થી દીઠ વિભાગે આ સંસ્થાઓને રૂ. ૨૦૦ લેખે પરીક્ષા ફીની રકમ ચૂકવવાની રહેશે.

સ્કૂલની રેગ્યુલર ટેસ્ટના લીધે ધાર્યું પરિણામ મળ્યું : અમિત

ગાંધીનગર, તા. ૯

જિલ્લામાં ટોપર્સની યાદીમાં સ્થાન ધરાવતા અમિત ચૌધરીને આગળ સેમેસ્ટરનો અભ્યાસ પૂર્ણ થયા બાદ ઈલેક્ટ્રોનિકસ કે કલ્ટીમાં સ્ટડી કરી પ્રોગ્રામર બનવું છે. અમિતે કેમેસ્ટ્રી અને ફીઝીકસમાં ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે. ગણિત વિષયમાં પણ તેઓ ૯૮ ગુણ મેળવ્યા છે. થિયરીના વિષયોમાં ૫૦૦માંથી ૪૬૬ ગુણ પ્રાપ્ત કર્યા છે. જ્યારે કુલ ૬૫૦માંથી ૬૧૬ ગુણ સાથે ટોપર્સની યાદીમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. અમિતના મતે પરિણામ માટે મહેનત જવાબદાર છે. વેદ ઈન્ટરનેશનલ શાખાના શિક્ષકોનું માર્ગદર્શન અને રેગ્યુલર ટેસ્ટના લીધે સારા ગુણ પ્રાપ્ત કર્યા છે. અમિતને અભ્યાસ સિવાય સંગીત અને યોગા કરવામાં વિશેષ રસ રૂચિ છે. નવા ફિલ્મી ગીતો સાંભળવા ખુબ જ ગમે છે.

જલસેવા ભવન સે. ૧૫ ખાતે માસ્ટર્સ એથ્લેટીક્સ એસો. ગાંધીનગર દ્વારા એક બેઠક યોજાઈ હતી. જેમાં તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલ એથ્લેટીક્સ સ્પર્ધામાં વિજેતાઓને અભિનંદન આપવામાં આવ્યા હતા અને આગામી ફેબ્રુઆરીમાં યોજાનાર નેશનલ સ્પર્ધામાં ભાગ લેવા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે પ્રમુખશ્રી દિનેશસિંહ ચાવડા, યુવક સેવાના નાયબ સચિવ ભાવેશ એરડા તેમજ અન્ય કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

એમ.બી. પટેલ કન્યા શાળાનો સૌરાષ્ટ્ર પ્રવાસ યોજાયો

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા દ્વારા તા. ૨૯ નવેમ્બરથી ૩ ડિસેમ્બર દરમિયાન સૌરાષ્ટ્ર પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાથમિક શાળા દ્વારા યોજાયેલ પ્રવાસમાં ધો-૬ થી ૮માં અભ્યાસ કરતા ૨૦૮ વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિદ્યાર્થીઓએ પ્રવાસમાં સોમનાથ, જુનાગઢ, સાસણગીર, વિરપુર, સત્તાધાર, આજીડેમ, ચોટીલા, ગોંડલ સહિતના યાત્રાધામોની મુલાકાત લીધી હતી.

હરિની દૃષ્ટિ...

આ પુરવું છે કે, હજુ હુકમનું પત્તું ઉતારીએ..??

ચૌધરી વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ રાજ્ય કક્ષાએ રસ્સા ખેંચ સ્પર્ધામાં ભાગ લેશે

જિલ્લા કક્ષાએ યોજાયેલ રસ્સા ખેંચ સ્પર્ધામાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય સે-૭ ની વિદ્યાર્થીનીઓએ પ્રથમ નંબર મેળવી રાજ્ય કક્ષાએ પંસદગી પામી. મહાત્મા ગાંધી વિદ્યાલય ખાતે યોજાયેલ અંડર-૧૬ અને ૧૬ વર્ષ ઉપરની વિદ્યાર્થીનીઓની રસ્સા ખેંચ સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં ચૌધરી વિદ્યાલયની ૧૬ વર્ષ ઉપરની વિદ્યાર્થીનીઓએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જયારે અંડર-૧૬ માં બીજું સ્થાન મેળવ્યું હતું. આ બંને ટીમની ખેલાડીઓ રાજ્યકક્ષાએ ભાગ લેશે. ચૌધરી વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ દ્વારા ઉત્કૃષ્ટ દેખાવ કરતા શાળા પરિવાર દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

કુલ૧૦૫૭ વિદ્યાર્થી એ-૧ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઓકટોબર ૨૦૧૩માં લેવાયેલ ધોરણ-૧૨ સાયન્સ સેમેસ્ટર ત્રણનું પરીણામ આજે જાહેર કરવામાં આવ્યું છે. આ પરીક્ષામાં રાજ્યમાં કુલ ૧,૧૫,૧૯૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૦૫૭ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ મેળવવા સફળ રહ્યા છે જયારે ૭૧૧૨ વિદ્યાર્થીઓ એ-૨ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે. તો ૩૯૬ વિદ્યાર્થીઓ સેમેસ્ટર ચારની પરીક્ષા આપવા માટે ગેરલાયક ઠેર્યા છે.

ઓક્ટોબર-૨૦૧૩માં શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યનાં ૧૧૦ કેન્દ્રો પરથી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૩ની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ૧,૧૫,૧૯૨ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેના પરીણામ શિક્ષણ બોર્ડની વેબસાઈટ ઉપર આજે જાહેર કરવામાં આવ્યા છે. પરીણામો મુજબ રાજ્યમાં કુલ ૧,૨૧૫ વિદ્યાર્થીઓ જુદા જુદા વિષયોમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવવામાં સફળ રહ્યા છે.

આજે માનવ અધિકાર દિન

માનવીનું જીવન અમૂલ્ય છે. આ જીવન સાથે માનવ અધિકાર સંકળાયેલ છે એ જન્મજાત અધિકાર છે. આ માનવ અધિકારોનું ગૌરવ જળવાય તે માટે માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ ૧૯૯૩ અમલમાં છે. 'માનવ અધિકાર' એટલે સંવિધાનથી બાંયધરી આપેલ અથવા આંતરરાષ્ટ્રીય કરારખતમાં સમાવેલા અને ભારતની અદાલતો દ્વારા લાગુ પાડી શકાય તેવા, નાગરીકોના જીવન, સ્વતંત્રતા, સમાનતા અને માનવ ગરિમાને સ્પર્શતી ખાતરીઓને લગતા અધિકારો'

જ્યાં આ ચારે પૈકી કોઈપણ બાબતનો ભંગ થયો હોય ત્યાં માનવ અધિકાર ભંગ થાય છે. જાતિ, લીંગ, ભાષા કે ધર્મના ભેદભાવ વિના આ હક્ક પ્રાપ્ત થાય છે. માનવ અધિકારના રક્ષણ માટે રાજ્ય સરકારે કાયદા વિભાગ દ્વારા સંબંધિત જિલ્લાની સેસન્સ કોર્ટને માનવ અધિકાર કોર્ટ તરીકે જાહેર કરેલ છે તથા સરકારી વકીલોને 'માનવ અધિકારના ખાસ વકીલો' તરીકે જાહેર કર્યા છે. માનવ અધિકાર ભંગના કિસ્સામાં કોઈપણ વ્યક્તિ જિલ્લામાં આવેલ માનવ અધિકાર કોર્ટમાં અરજી કરી ન્યાય મેળવી શકે છે અને રાજ્યમાં ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગની પણ રચના કરવામાં આવેલ છે.

૧૦મી ડિસેમ્બરે માનવ અધિકારની વિશ્વવ્યાપી ઘોષણા કરવામાંઆવેલી તેના ઉપલક્ષ્યમાં આ દિનને માનવ અધિકાર દિન તરીકે આખા વિશ્વમાં ઉજવણી કરવામાં આવે છે. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ તથા ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ, ગાંધીનગરના ઉપક્રમે નિરમા યુનિવર્સિટીના સેમીનાર હોલ, સોલા, અમદાવાદ ખાતે તા. ૧૦-૧૨-૧૩ના સવારે ૧૦.૩૦ કલાકે 'હ્યુમન રાઈટ્સ એન્ડ વેલ્યુસ ઈન એજ્યુકેશન' (માનવ અધિકાર અને શિક્ષણમાં તેનું મહત્વ) વિષય ઉપર એક સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ આ જ દિવસે યોગક્ષેમ ગૌરવ સંસ્થાન, અમદાવાદ તથા ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ, ગાંધીનગરના ઉપક્રમે પોલીસ અકાદમી, કરાઈ, જિલ્લો ગાંધીનગર ખાતે બપોરે ૧૪.૩૦ કલાકે 'હ્યુમન રાઈટ્સ એન્ડ રોલ ઓફ પોલીસ (માનવ અધિકાર અને પોલીસની કામગીરી)' વિષય ઉપર સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગમાં માહે નવેમ્બર ૨૦૧૩ ગુધીમાં કુલ ૧૯૯૩ માનવ અધિકાર ભંગની અરજીઓ આવેલી તે પૈકી ૧૮૧૬૯ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે અને ૧૦૨૪ અરજીઓ હાલ પેન્ડીંગ રહેલ છે.

આજે પૂજ્ય પ્રમુખસ્વામીનો જન્મદિને કોટી કોટી વંદન

પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજને પ્રાતઃપૂજા કરતા જોવાનો એક અનેરો અવસર સમાન છે, જેમાં પૂ. સંતોના કંઠે ગવાતા સંગીતમય ભક્તિપદો-કિર્તન સાંભળવાનો લાભ પણ મળે છે. શ્રી ઠાકોરજી સમક્ષ નિત્ય પૂજામાં સ્વામિનારાયણ મહામંત્રની માળા કરી લોકોના સુખમય જીવન માટે પ્રાર્થના કરાય છે.

શ્રી પ્રમુખસ્વામી મહારાજ પાસે અત્યારે જે ઠાકોરજી (ચલમૂર્તિ) છે તે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ (જ્ઞાનજીવન સ્વામી) પાસેથી તેમને મળી હતી. આજથી ૧૦૦ વર્ષ પહેલાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ જૂનાગઢ મંદિરમાંથી સંતો સાથે વિદાય



લઈને, શાસ્ત્રીજી મહારાજનાં મંડળમાં જોડાવાના હતા. તેથી વહેલી સવારે સાત સાધુઓનું મંડળ ખભે ઝોળીઓ ભેરવી, હાથમાં માળા લઈને નીકળ્યું. છેવટની વિદાય લેતા પહેલાં મંદિરમાં શ્રીહરિના દર્શન કરી, તેમને અખંડ ભેગા રહેવા પ્રાર્થના કરવાની સૌ સંતોની તીવ્ર ઈચ્છા હતી. મંગળા આરતી તો ૫.૩૦ વાગે થતી અને તેમને વહેલા નીકળવાનું હતું. છતાં શ્રીહરિ સહાય કરશે એની આશાથી સૌ મંદિર ઉપર ગયા. બ્રહ્મચારી કૃષ્ણસ્વરૂપાનંદજી શ્રીહરિની સેવામાં હતા. તેમણે આ સાત સાધુના મંડળની દર્શનની વ્યાકુળતા જોઈ તરત જ પડદો ઉંચો કરી શ્રીહરિનાં દર્શન કરાવ્યાં. ભગવાનના દર્શનથી સંતો રાજી થઈ ગયા, સૌના અંતમાં શાંતિ થઈ ગઈ.

જૂનાગઢ મંદિરનો દરવાજો છોડવાની અંતિમ ઘડીઓ ગણાઈ રહી હતી. પણ હજુ કોઈ રોકતું હોય એમ જણાતું હતું. યોગીજી મહારાજ ઉંડા વિચારમાં ખોવાઈ ગયા હતા. તેમની સમગ્ર વૃત્તિઓ ભંડાર (રસોડા)માં રહી ગયેલી મૂર્તિ પર કેન્દ્રિત હતી. ઉતાવળે ઉતાવળે તેઓ મૂર્તિ લેવા ભંડારમાં પહોંચી ગયા. જે મૂર્તિને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ પુજી હતી, તે મૂર્તિને ગુણાતીત પરંપરા દ્વારા જ પૂજાતું હતું. યોગીજી મહારાજે સદ્‌ગુરુ કૃષ્ણચરણ સ્વામીની રજા લઈ, તે મૂર્તિ સાથે લીધી.

ગુણાતીતાનંદ સ્વામી પાસેથી તેમના શિષ્ય સદ્‌ગુરુ માધવચરણદાસ સ્વામીને એ મૂર્તિ પ્રાપ્ત થઈ હતી. એમના પછી સદ્‌ગુરુ કૃષ્ણચરણ સ્વામીને મૂર્તિ પૂજવા મળી હતી. એમ ગુણાતીતાનંદ સ્વામીના અંતર્ધાન થયા પછી ૪૫ વરસ સુધી એટલે કે સને ૧૯૧૦ સુધી એ મૂર્તિ જૂનાગઢમાં રહી હતી.

જુનાગઢથી નીકળ્યા બાદ તા. ૨૩ જાન્યુઆરી ૧૯૭૧ સુધી ૬૦ વર્ષ યોગીજી મહારાજે હરિકૃષ્ણ મહારાજનું લાલન-પાલન કર્યું. ત્યાર પછી યોગીજી મહારાજની એક માત્ર મૂડી- શ્રી ઠાકોરજી, એમના અનન્ય વારસદાર શ્રી પ્રમુખસ્વામી મહારાજને મળ્યાં. એ જ મૂર્તિ આજે ૪૧વર્ષથી પ્રમુખસ્વામી મહારાજ પાસે છે.

શ્રી ઠાકોરજી શબ્દ, હિન્દી ભાષાના 'ઠાકુર' શબ્દ પરથી આવ્યો છે. ઠાકુરનો અર્થ ભગવાનની

પ્રસંગસર

- મહેશભાઇ સુરતવાલા

મૂર્તિ થાય છે. તેની સાથે-સાથે 'રાજા-માલિક-સ્વામી' એવો અર્થ પણ થાય છે. શ્રી પ્રમુખસ્વામી મહારાજ ઘણી વખત કહે છે: આ તો અનંત રાજાઓના રાજા છે. એટલે જ તેઓ ઠાકોરજીની સેવામાં રાજા-મહારાજા કરતાંય વધુ તકેદારી રાખી તેઓ પોતાને એમના સેવક તરીકે ઓળખાવે છે અને તમામ સગવડ- અગવડ વિચારી સેવાનું અનુસંધાન રાખી પળે પળે એમને ઠાકોરજીની મહત્તાની સભાનતા રહે છે.

આશરે ૧૦ સે.મી. ઉંચાઈને અર્ધો કિલો વજન ધરાવતા પંચધાતુના બનેલ આ ઠાકોરજીની સમય સમયની અને ઋતુ-ઋતુની સેવામાં એવી કાળજી લેવાય છે. જાણે કે તેઓ એક જીવંત અસ્તિત્વ જ હોય. એવું એમના ઋતુ-ઋતુના આહારની બાબતમાં છે. ઉનાળામાં ટાઢક આપે તેવા પીણાંઓ અને ખોરાક, શિયાળામાં અડદિયા, મેથી/ખજૂરપાક વગેરે ગરમી આપે તેવો આહાર અને ચોમાસામાં ગરમ-ગરમ ખોરાક ઠાકોરજીને ધરાવાય છે.

રોજ સવારે ૬.૦૦ વાગ્યાથી શ્રી ઠાકોરજીની દિનચર્યાનો પ્રારંભ થાય છે. ક્યારેક મુસાફરીને લીધે ઠાકોરજીને પોઢાડવામાં મોડું થઈ ગયું હોય તો શ્રી પ્રમુખસ્વામી મહારાજ બીજે દિવસે સવારે મોડા ઉઠાડવાની સૂચના આપે છે. ઉત્થાન બાદ સૌ પ્રથમ ઠાકોરજીને સ્નાન કરાવવામાં આવે છે. ઉનાળામાં શીતળ જળથી અને શિયાળામાં હુંફાળા જળથી સ્નાન કરાવાય છે. (આ સ્નાનના પ્રસાદી જળમાં શ્રી પ્રમુખસ્વામી મહારાજ પોતાની પૂજા દરમ્યાન ભગવાન સ્વામિનારાયણની પ્રસાદીની માળાનો મણકો બોળીને મંત્રોચ્ચાર કરે છે. પોતાની તન-મનની ઉપાધિઓ શમાવવા માટે ભક્તો આ પ્રસાદીના જળનો ઉપયોગ કરે છે.) વસ્ત્રો અને અલંકાર ધારણ કર્યા બાદ ઠાકોરજી ભક્તોની આરતી સ્વીકારે છે. એવી જ રીતે સાંજે સંધ્યા આરતી ઉતારવામાં આવે છે. ઠાકોરજી શિખરબદ્ધ મંદિરમાં રહેતા હોય ત્યારે આરતી પાંચ વખત ઉતરે છે.

દિવસ દરમ્યાન તેઓને ઓછામાં ઓછા પાંચ વખત થાળભોગ ધરાવવામાં આવે છે. શ્રી ઠાકોરજી, દિવસનો સૌ પ્રથમ થાળ-ભોગ પૂ. પ્રમુખસ્વામી મહારાજના હસ્તે સ્વીકારે છે અર્થાત્ શ્રી પ્રમુખસ્વામી મહારાજ પોતાની પ્રાતઃ પૂજામાં શ્રી ઠાકોરજીને થાળ ધરાવે છે. રાત્રે થાળ-જળપાન કરાવી, હળવાં વસ્ત્રો પહેરાવી પોચી પથારીમાં પોઢાડવામાં આવે છે.

શ્રી પ્રમુખસ્વામી મહારાજે આ ઠાકોરજી સાથે આદિવાસીના ઝુંપડાથી માંડી લંડનના પ્રીન્સ ચાલ્સના રાજમહેલ સુધી પદયરામણીઓ કરી છે. જ્યાં જાય ત્યાં ઠાકોરજીને આગળ રાખી દરેકને પ્રથમ ઠાકોરજીનો પરિચય કરાવે છે. આમ, ખૂબ સાવધ રહી પોતાના જીવનની દરેક બાબતોમાં મહારાજાઓની જેમ ઠાકોરજીની સંભાળ રાખે છે.